પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૦ | ૧૧ જાન્યુઆરી, ૨૦૨૦, શનિવાર; પોષ વદ - ૦૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઈન્ટરનેટ પર પ્રતિબંધ ન લગાવી શકાય : સુપ્રિમ

**જમ્મૂ-કાશ્મીરમાં ઇન્ટરનેટ-અન્ય પ્રતિબંધો મુદ્દે સુપ્રિમે કેન્દ્ર સરકારને ઝાટકી : ઇન્ટરનેટ એ નાગરિકોના મૂળભૂત અભિવ્યક્તિનો અધિકાર છે, સ્વતંત્રતા અનુચ્છેદ ૧૯નો હિસ્સો, રિવ્યૂ કમિટીનું ગઠન કરી ૭ દિવસમાં રિપોર્ટ સોંપવા આદેશ**



ન્યુ દિલ્હી,તા.૧૦

દેશના જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કર્યા બાદ ૫ ઓગસ્ટ ૨૦૧૯થી કેન્દ્ર સરકાર દ્વારા લદાયેલા ઈન્ટરનેટ અને અન્ય પ્રતિબંધો અંગે સુપ્રીમ કોર્ટે આજે પોતાનો ચુકાદો આપતી વખતે સ્પષ્ટ કહ્યું હતું કે સરકાર આ રીતે અનિશ્ચિત સમયગાળા માટે ઈન્ટરનેટની સાર્વજનિક અને ખાનગી સેવા બંધ કરી શકે નહીં. એક મહત્ત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે ઈન્ટરનેટનો ઉપયોગ અને ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિનો અધિકાર એ (બંધારણના અધિકારોમાં અભિવ્યક્તિની કલમ ૧૯ (૧) (એ) નો ભાગ છે, સરકારે ઈન્ટરનેટ સહિત અન્ય પ્રતિબંધાત્મક પગલાઓએની એક સપ્તાહમાં સમીક્ષા કરીને કોર્ટને જાણ કરે.

સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો. ન્યાયાધીશ એન.વી. રમણાની અધ્યક્ષતાવાળી બેંચમાં જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ બી.આર. ગવાઈએ આ મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો. કાશ્મીરમાં આપવામાં આવેલી પ્રતિબંધો સામે સુપ્રીમ કોર્ટમાં અનેક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા

**ચારેબાજુ બરફની ચાદર : ઉત્તર ભારત ઠંડુગાર : માઉન્ટ આબુમાં પારો ત્રણ ડિગ્રી : રાજસ્થાન સહિતના રાજ્યોમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકો પરેશાન**



નવી દિલ્હી,તા. ૧૦

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવી જતાજનજીવન પર માઠી અસર છે. ઉત્તરાખંડના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા જારી રહી છે. બીજી બાજ મેદાની ભાગોમાં વરસાદ જારી છે. ઉચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા જારી રહેતા ચારેબાજુ બરફની ચાદર છવાયેલી છે. ભારે હિમવર્ષાના કારણે કેટલાક વિસ્તારોમાં તો પાવર અને વીજળી વ્યવસ્થા ઠપ્પ થઇ ગઇ છે. કુમાવ વિસ્તારમાં ભારે હિમવર્ષા થઈ છે. ચમોલી, ઉત્તરકાશી અને પિથોરાગઢ જેવા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. મોટી સંખ્યામાં લોકો બરફ વર્ષાની મજા માણવા માટે પણ પહોંચી ગયા છે. બીજી બાજુ રાજસ્થાન, હરિયાણા, પંજાબ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં કાતિલ ઠંડી પડી રહી છે. હિમાલયના પર્વતી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે સમગ્ર ઉત્તર ભારતમાં બરફના ઠંડા પવન ફુકાઇ રહ્યા છે. રાજસ્થાનના કેટલાક ભાગો તો કુલિંગ ઈફેક્ટમાં જતા રહ્યા છે. માઉન્ટ આબુમાં પારો ૨.૩થી ૪ વચ્ચે થઇ ગયો છે. પ્રવાસીઓને ભારે મુશ્કેલી નડી રહી છે. રાજસ્થાનના મોટા ભાગના વિસ્તારોમાં પારો ૧૦થી નીચે પહોંચી ગયો છે.

# ચંદા કોચરની કરોડોની સંપત્તિ જપ્ત

**ઇડી દ્વારા ૭૮ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરાઈ : આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી વિડિયોકોનને મળેલા ૩૨૫૦ કરોડ રૂપિયાના લોન મામલામાં કાર્યવાહી**

મુંબઈ, તા. ૧૦

આઈસીઆઈસીઆઈ બેંકના પૂર્વ સીઈઓ અને એમડી ચંદા કોચર અને તેમના પરિવાર પર ઈડીએ જોરદાર કાર્યવાહી કરી છે. ઈડીએ ચદા કોચરના મુંબઈ સ્થિત ફ્લેટ અને તેમના પતિ દિપીક કોચરની કંપનીની કેટલીક સંપત્તિઓને જપ્ત કરી લીધી છે. જપ્ત સંપત્તિની કુલ કિંમત ૭૮ કરોડ રૂપિયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ચંદા કોચરની સામે આ કાર્યવાહી ૨૦૧૨માં આઈસીઆઈસીઆઈ બેંકથી વિડિયોકોનને મળેલા ૩૨૫૦ કરોડ રૂપિયાની લોનના મામલામાં કરવામાં આવી છે. બેંકની દેવાદાર કંપની વિડિયોકોન ઈન્ડસ્ટ્રી દ્વારા કોચરના પતિની કંપનીમાં રોકાણને લઈને ગેરરીતિના આક્ષેપો બાદ ચંદા કોચરે ઓક્ટોબર ૨૦૧૮માં રાજીનામુ આપી દીધું હતું. તાજેતરમાં જ તેઓએ પોતાની સામે બેંકથી જારી કરવામાં આવેલા બરખાસ્ત અગેના પત્રોને લઈને મુંબઈ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી. ચંદા કોચરે એ પત્રને કાયદેસર જાહેર કરવાની માંગ કરી હતી જેમાં તેઓએ ઓક્ટોબર ૨૦૧૮માં વહેલીતકે નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી અને બેંકે આ બાબતને સ્વીકાર પણ કરી હતી. વિડિયોકોન ગ્રુપને ૨૦૧૨માં આઈસીઆઈસીઆઈ બેંકથી ૩૨૫૦ કરોડ રૂપિયાની લોન મળી હતી. આ લોન કુલ ૪૦૦૦૦ કરોડ રૂપિયાના એક હિસ્સા તરીકે હતી જે રકમ વિડિયોકોન ગ્રુપને એસબીઆઈના નેતૃત્વમાં ૨૦ બેંકો પાસેથી મળી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, વિડિયોકોન ગ્રુપના ચેરમેન વેણુગોપાલ ધુતે વર્ષ ૨૦૧૦માં ૬૪ કરોડ રૂપિયા ન્યુ પાવર રિન્યુએબલ પ્રાઈવેટ લિમિટેડને આપ્યા હતા.

# દેશ આર્થિક મંદીના ખપ્પરમાં ભાજપ-કોંગ્રેસ માલામાલ

**ભાજપની આવકમાં ૧૩૪ ટકા તો કોંગ્રેસની આવકમાં ૩૬૧ ટકાનો ધરખમ વધારો : ભાજપની કુલ આવક ૨૪૧૦ કરોડ થઇ જે ૨૦૧૭-૧૮માં ૧૦૨૭ કરોડ હતી, કોંગ્રેસની આવક પણ ચાર ગણી વધીને થઇ રૂ.૯૧૮ કરોડ, આગલા વર્ષ હતી રૂ.૧૯૯ કરોડ**

ન્યુ દિલ્હી,તા.૧૦

દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાતો થયા બાદ હવે રાજકિય પાર્ટીઓનાં ખાતાંની વિગતો પણ બહાર આવી છે. રાજકિય પાર્ટીઓ દ્વારા ચૂંટણી પંચને સોંપેલ ૨૦૧૮-૧૯ના ઓડિટ રિપોર્ટમાં બધી જ રાષ્ટ્રીય પાર્ટીઓની આવકમાં વધારો થયો છે. ૨૦૧૮-૧૯ માં બીજેપીની કુલ આવક ૨૪૧૦ રૂપિયા થઈ ગઈ હતી જે ૨૦૧૭-૧૮ ની ૧૦૨૭ કરોડ રૂપિયા કરતાં ૧૩૪% વધારે હતી. આ જ રીતે કોંગ્રેસની આવકમાં પણ વધારો જોવા મળ્યો છે, કોંગ્રેસને ૨૦૧૮-૧૯ માં ૯૧૮ રૂપિયાની આવક થઈ છે. જે ગત વર્ષની તુલનામાં ૩૬૧% વધારે છે.

ચૂંટણી પંચને સોંપેલ ૨૦૧૮-૧૯ ના ઓડિટ રિપોર્ટમાં બીજેપીએ તેની આવક સંબંધિઓત માહિતી આપી છે, ભાજપે ચૂંટણી પંચમાં જણાવ્યું કે, ૨૪૧૦ કરોડ રુપિયામાંથી ૧૪૫૦ કરોડ રુપિયા ચૂંટણી બોન્ડ્સ મારફતે મળ્યા હતા. ૨૦૧૭-૧૮માં ભાજપને ઈલેક્ટોરલ બોન્ડસથી ૨૧૦ કરોડ રુપિયાની આવક થઈ હોવાનું દર્શાવ્યુ હતું. જ્યારે ભાજને ૨૦૧૮-૧૯માં ૭૯૨.૪ કરોડ રુપિયા ચૂંટણી અને પ્રચારમાં ખર્ચ કર્યા છે. ૨૦૧૭-૧૮માં પાર્ટીએ ૫૬૭ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભામાં નાગરિકતા કાયદાને ટેકો આપતો પ્રસ્તાવ પસાર

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભામાં




કેન્દ્ર સરકારના નાગરિક સુધારા કાયદાને સમર્થન આપતો પ્રસ્તાવ બહુમતિથી આજે પસાર કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકારે આ સંદર્ભમાં કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો પણ કર્યા હતા. રાજ્યના ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે, આ કાયદાથી કોઈ ભારતીયની નાગરિકતા છીનવાતી નથી. કોંગ્રેસ સહિતની પાર્ટીઓ અફવાઓ ફેલાવી દેશવાદીઓને ગેરમાર્ગે દોરવાની અને મતબેંકની રાજનીતિ કરી રહી

**કાયદાથી કોઇ ભારતીયની નાગરિકતા છીનવાતી નથી : વિપક્ષ ખોટી અફવાઓ ફેલાવી દેશવાસીઓને ગેરમાર્ગે દોરવાની તેમજ મત બેંકની રાજનીતિ બંધ કરે : સરકાર**

છે. ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે સંસદમાં પસાર કરેલ નાગરિકતા સુધારા કાયદો – સીએએ પાકિસ્તાન, બાંગ્લાદેશઅને અફઘાનિસ્તાનમાં ૧૯૪૭ થી ભયંકર યાતનાઓનો ભોગ બનેલા લઘુમતીઓ જેવા કે હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તી શરણાર્થીઓના અસ્તિત્વ માટે સંજીવની સમાન છે. આ કાયદો તેમને નવું જીવન આપશે જેમાં આ ત્રણ દેશોમાંથી પોતાનું અસ્તિત્વ બચાવવા હિજરત કરીને તા.૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ભારતમાં આવેલા આ ૬ લઘુમતીઓને ભારતનું નાગરિકત્વ આપવામાં આવશે.આ કાયદાથી કોઈ ધર્મના ભારતીયની નાગરિકતા છીનવાશે નહી. આ બાબતે મતોના રાજકારણ માટે કોંગ્રેસ અને અન્ય પક્ષોએ ખોટી

● અનુસંધાન પાન-૭ પર

## જનસંખ્યા નિયંત્રણ કાનૂન બનાવવા માંગ

સુપ્રિમ કોર્ટે જનસંખ્યા નિયંત્રણ કાનૂન બનાવવાની અરજી પર સુનવણી કરતા કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી છે. જનસંખ્યા નિયંત્રણ માટે અટલ બિહારી વાજપાઈની સરકારે વર્ષ ૨૦૦૦માં વેંકટચલૈયા આયોગ બનાવ્યુ હતુ. જેણે જનસંખ્યા નિયંત્રણ કાનૂન લાગુ કરવા ભલામણ કરી હતી.

## નિર્ભયાના દોષીઓ અંગદાન નહી કરી શકે

નિર્ભયાના દોષીઓને ફાંસીની સજાની સુનવણી થઈ ચૂકી છે. દોષીઓને અંગદાન માટે મનાવવાની એક એનજીઓની અરજીને કોર્ટે ફગાવી દીધી છે. ૨૨મી જાન્યુઆરીના રોજ ચારેય દોષીઓને ફાંસી અપાશે.

## વરિષ્ઠ પત્રકાર ગૌરી લંકેશનો હત્યારો ઝારખંડમાંથી ઝડપાયો

બેંગ્લુરુ,તા.૧૦

કર્ણાટકની વરિષ્ઠ પત્રકાર ગૌરી લંકેશના હત્યાકાંડ કેસમાં બેંગલુરૂ એસઆઈટીએ ઝારખંડના ધનબાદ પાસે કતરાસથી આરોપી યુવકને ધરપકડ કરી છે. કરતાસથી એસઆઈટીએ રાજેશ દેવડિકર ઉર્ફે ઋષિકેશ નામના યુવકની ધરપકડ કરવામાં આવી છે. ઋષિકેશ કતરાસના જ એક પેટ્રોલ પંપમાં કામ કરતો હતો.

**વાહનો વેચવાના છે**

1.આઈસર ગાડી
2.બોલેરો પિકઅપ ડાલુ 2005નું મોડલ
3.ટાટાની સ્કુલ બસ 2008નું મોડલ

તમામ વાહનો બંધ હાલતમાં છે.

અપસેટ કિંમત 160000 રાખેલ છે
ઈચ્છુક વ્યકિતઓએ
તા. 13-01-2020 સોમવારે સવારે
12 થી 3 સુધી રૂબરૂ નિરીક્ષણ કરવું.
સમસ્ત ક્ષત્રિય ઠાકોર કેળવણી મંડળ
શકિત વિદ્યાલય, મુ.પો.આલમપુર,
તા.જી.ગાંધીનગર
M : 99131 32049










